સફાઈ કામદારોના નિયમિત પગાર બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: નપમ-૧૧૯૬-૭૭૧-ર
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫.૩.૧૯૯૬

**ઠરાવ :-**

રાજ્યની નગરપાલિકાઓ મોટેભાગે નાણાકીય કટોકટી અનુભવતી હોય છે અને તેને પરિણામે તેના કર્મચારીઓના પગાર નિયમિત કરી શકતી નથી અને તેને કારણે ખાસ કરીને સફાઈ કર્મચારીઓ કે જે (ભારતીય પરંપરા પ્રમાણે) આર્થિક અને સામાજિક રીતે અત્યંત નબળા વર્ગમાંથી આવે છે તેમણે ખૂબ જ સહન કરવું પડે છે.

રાજ્ય સરકારના પ્રવર્તમાન ગ્રાન્ટ-ઈન-એઈડ ના ધોરણો પ્રમાણે નગરપાલિકાઓના મંજુર થયેલ મહેકમ માટે પગાર, મોંઘવારી તથા સ્થાનિક વળતર ભથ્થા પેટે જે ખર્ચ થાય તેના ૩૩ ૧/૩ ટકા ખર્ચ રાજ્ય સરકાર ધ્વારા નગરપાલિકાઓને ગ્રાન્ટ-ઈન-એઈડ તરીકે આપવામાં આવે છે. આ રીતે આપવામાં આવતી ગ્રાંટ હવે પછી પ્રથમ સ્થાનિક મામલતદાર તથા સંબંધિત નગરપાલિકાના પ્રમુખના સંયુકત એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. આ ગ્રાન્ટમાંથી ખર્ચ કરતી વખતે પ્રથમ સફાઈ કર્મચારીઓના પગારને અગ્રતા આપવાની રહેશે.

દરેક નગરપાલિકાની પ્રાથમિક અને ફરજીયાત ફરજ છે કે તેના સફાઈ કર્મચારીઓના અને કર્મચારીઓના પગાર નિયમિત થાય. મંજુર થયેલ મહેકમ માટે રાજ્ય સરકાર ધ્વારા પગાર-ભથ્થાં પેટે જે ગ્રાન્ટ આપવામાં આવે છે તે સહાયક ગ્રાન્ટ છે અને તે રીલીઝ ન થાય અથવા મોડી રીલીઝ થાય તે જ કારણસર સફાઈ કામદારોના પગાર અટકાવવાના કે વિલંબિત કરવાના રહેશે નહિ. આ સૂચનાઓનો દરેક નગરપાલિકા/મ્યુનિસિપલ બરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
(એ.એ.નાગોરી)
સરકારના નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

**નકલ જાણ તથા જરુરી કાર્યવાહી માટે :**

(૧) સર્વે નગરપાલિકાઓના પ્રમુખશ્રી
(૨) સર્વે કલેકટરશ્રીઓ
(૩) સર્વે તાલુકા મામલતદારશ્રી
(૪) સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ
(૫) નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(૬) પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ.
(૭) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શહેરી વિકાસ)
(૮) અંગત સચિવશ્રી, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(શહેરી વિકાસ).